RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૨૧ તા.૧૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી વિવેક એલ.રાય
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિવેક એલ.રાયની તા. ૨૧–૯–૧૧ની અરજીથી એસ.એમ.સી. ના ભાઠેના સ્થિત ભારતનગર ડેપોની બાજુમાં આવેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉનોનું સર્વે નં. અને ફા. પ્લોટ નં. તથા ચો.વાર જગ્યાની વિગત ઉપરાંત આ ટ્રાન્સપોર્ટ ગોડાઉન બનાવવા માટે મળેલ પરવાનગીની નકલ, ગુમાસ્તાધારાની નકલ અને વેરાબીલમાં નામો હોય તથા ટ્રાન્સપોર્ટ સંખ્યા જણાવવા વિનંતી વિ.માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૧/૨૦૧૧–૧૨

શ્રી વિવેક એલ.રાયની તા. ૨૧–૯–૧૧ની અરજીથી એસ.એમ.સી.ના ભાઠેના સ્થિત ભારતનગર ડેપોની બાજુમાં આવેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉનોનું સર્વે નં. અને ફા.પ્લોટ નં.તથા ચો.વાર જગ્યાની વિગત ઉપરાંત આ ટ્રાન્સપોર્ટ ગોડાઉનો બનાવવા માટે મળેલ પરવાનગીની નકલ, ગુમાસ્તાધારાની નકલ અને વેરાબીલમાં નામો હોય તથા ટ્રાન્સપોર્ટ સંખ્યા જણાવવા વિનંતી વિ.માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૭૫ તા.૧–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારજગી હોય તો આધાર સહ મુદ્દાવાર સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સા.ઈ.ઝોન/ મહેકમ/આ. ૨૭૮૮ તા.૨૬–૧૨–૧૧ થી અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૫૭ તા.૨૪–૧૦–૧૧ ની આપેલ માહિતી ની નકલ,ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૭૮૭ તા.૨૬–૧૨–૧૧ થી અરજદારને આપેલ પ્રત્યુત્તરની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૯–૧૨–૧૧ થી અત્રેથી પાઠવેલ પત્ર ઉપર સ્પષ્ટતા અંગે વિગત મળેલ.

અરજદારની તા.૨૯–૯–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી લીંબાયત ઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં એસ.એમ.સી.ના ભાઠેના સ્થિત ભારતનગર ડેપોની બાજુમાં આવેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉનોનું સર્વે નં. અને ફા.પ્લોટ નં. તથા ચો.વાર જગ્યાની વિગત ઉપરાંત આ ટ્રાન્સ પોર્ટ ગોડાઉન બનાવવા માટે મળેલ પરવાનગીની નકલ, ગુમાસ્તાધારાની નકલ અને વેરાબીલમાં નામો હોય તથા ટ્રાન્સપોર્ટ સંખ્યા જણાવવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૫૭ તા.૨૪–૧૦–૧૧થી ટી.પી.સ્કીમ નં. તથા ફા.પ્લોટ નં. તેમજ વિસ્તારનો ક્ષેત્રફળની વિગત મેળવવા માલિકીના યોગ્ય પુરાવા રજુ કર્યેથી તેમજ જરૂરી ફી ભર્યેથી તેની વિગત ફાળવી શકાશે. તેવું જણાવેલ. જયારે અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારજગી હોય તો આધાર સહ મુદ્દાવાર સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે માંગેલ માહિતી અંગે આજદિન સુધી મને કોઈ માહિતી મળેલ નથી તેવી સ્પષ્ટતા કરેલ. દરમ્યાન જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.૨૭૮૭ તા.૨૬–૧૨–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને મુદ્દા નં.૧ માં સર્વે નંબર પ્લોટ નં. ની વિગત ટી.પી.૭ પ્લોટ નં.૧૩૫–૧૩૬ જણાવેલ છે. પરંતુ ચો.વાર જગ્યાની માહિતી અપીલ જણાતી નથી કે ગોડાઉન પરવાનગીની નકલ આપેલ જણાતી નથી. જયારે ગુમાસ્તા નોંધણી પ્રમાણપત્રોની નકલ નંગ–૯ આપ્યાનું જણાવેલ છે. પરંતુ તેની નકલો અત્રે અપીલ તબકકે રજુ થયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૧–૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ જગ્યાના ચોરસવાર તથા પરવાનગી અંગેની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિવેક એલ.રાય,